BAOU
Education
for All



# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી - અમદાવાદ

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

25 SINCE 1994

# જ્ઞાનગંગા

## ન્યૂઝ લેટર

# BAOU




વર્ષ : ૧૩ | અંક : ૪૫ | જૂન : ૨૦૨૦

# યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.
અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.
સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.
સંસ્કારોની સુગંધ મહેકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ ભવ્ય રાષ્ટ્ર નિર્માણ ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ... ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...



# કુલપતિશ્રીની કલમે...

વૈશ્વિક મહામારી, વાઈરસ કોવિડ-૧૯થી પીડાગ્રસ્ત જગતના માણસો લોકડાઉનના સમયમાં જીવનલક્ષી ઓડિટ કરતા થયા છે. ખૂબ દોડતો માણસ હવે થંભીને સિંહાવલોકન કરશે, સમગ્ર દેશના લોકોએ ઘરમાં રહી માનવ જિંદગીના અને પ્રકૃતિનાં પરિવર્તનને નિરાંતે જોયું. કયાં ભૂલ થઈ એનું મનોમંથન સંવેદનશીલ ઈન્સાન કરી નવનીત તારવી આપશે. આગામી સમયમાં દરેક માણસે જીવન જીવવાનો માનવીય મારગ કંડારવા માણસાઈથી કર્મઠ બની આત્મનિર્ભરતા તરફ ગતિ કરવી પડશે ત્યારે ભવિષ્યમાં સુખ, શાંતિનો સૂર્યોદય ઉજાગર થશે. આખરે જિંદગી આગળ વધતી રહી એની અમીટ છાપ છોડતી જાય છે.

માનવજાતે પોતાના અથાક પુરુષાર્થ અને બુદ્ધિબળથી વિજ્ઞાનક્ષેત્રે ખૂબ વિકાસ કર્યો, પણ હૃદય વિકાસમાં કમજોર કળાય છે. ભૌતિકતા વધતી ગઈ, દુનિયા સાંકડી બની એ સાથે માણસ સંકોચાતો ગયો આ બધું માણસાઈના ભોગે થતું રહ્યું પરિણામે માનવ સમાજને બે વિશ્વયુદ્ધ પછી કોરાના મહામારી સામે લડવાનું થયું અને એમાં જગતને એના માઠા પરિણામોની અસર લાંબા ગાળા સુધી પડશે. જીવનના અનેક ક્ષેત્રોમાં આમૂલ પરિવર્તનો આવશે એનો સહર્ષ સ્વીકાર કરી સ્વયંએ બદલાવું પડશે.

પ્રથમ ફેરફાર શિક્ષણના ક્ષેત્રે આવશે, ચાર દિવાલને એક કલાસમાં બેસી શિક્ષક તાસ લે એ હવે દો ગજની દૂરી રાખી ઓનલાઈન એજયુકેશન લેવાનો શુભારંભ થયો. દૂરવર્તી શિક્ષણ સેમિનારનું નૂતનરૂપ એટલે વેબિનાર. કોરાનાગ્રસ્ત ગુજરાતમાં, લોકડાઉનના સમયે પ્રથમ શિક્ષણનો વેબિનાર ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા આયોજન કરવામાં આવેલ કારણ કે અમારું કૂળ અને મૂળ તો ડિસ્ટન્ટન એજયુકેશન છે જેની આજ અને આવતી કાલ ઊજળી છે. BAOU ગુજરાતના દરેક શહેરો અને ગ્રામીણ સમાજમાં અદ્યતન ડિઝિટલ ઉપકરણોના માધ્યમથી શિક્ષણ જ્યોત પ્રજ્વલિત રાખવા કર્મજ્ઞ છે. અમારી યુનિવર્સિટી કન્વેશનલ યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા છાત્રોને એમના રેગ્યુલર શૈક્ષણિક વર્ષ સાથે જ વધારાની ડિગ્રી માટે એડમિશન આપશે જેથી એમને એક જ વર્ષમાં બે શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત થઈ શકે જે ભાવિ વ્યવસાયિક જીવનમાં મદદરૂપ બની શકે

કોવિડ–૧૯ના આ ચરણમાં અમારી યુનિવર્સિટીએ સરકારી ગાઈડ લાઈનનું પાલન કરતા સેવાકીય અને શૈક્ષણિક કાર્યો પણ કર્યા. ટેકનોલોજીના સહયોગથી ‘નારી સપ્તક શ્રેણી’ વેબિનારનું આયોજન થયું જેનું ઉદઘાટન માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કર્યું હતું. સાત સફળ મહિલાઓની સાત દિવસની પ્રેરક કેફિયત દ્વારા નારીનું આકાશ અને ધરતી પરનું તેનું તપ ઉઘાડ પામ્યું. ઘણા લોકો માને છે કે નારી નસીબદાર છે, હું જાણું છું કે નારી ઊર્જાવાન છે. પરમાત્માએ એને આત્માથી સમૃદ્ધ કરી છે. આપણે નારીના સામર્થ્યને સમજીએ, સ્ત્રીની ગરિમાને આદર આપીએ. નારીની સંઘર્ષગાથા આખરે તો જીવનની પરિશ્રમયાત્રા હોય છે. સફળ નારીઓ પડકારોને ઝીલતા, મંઝિલ તરફ અડગ કદમ રાખી અથાક ડગ માંડતી સફળ થઈ જીવન સાર્થક કરે છે. ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીની હાર્દિક અને બૌદ્ધિક સંપાદનો મહિમા ખૂબ થયો એ આપની સંસ્કૃતિની ઊજળી બાજુ છે.

શિક્ષણનાં પ્રવાહો પરિવર્તન પામી રહ્યા એવા સમયે અમારી યુનિવર્સિટી અદ્યતન ડિઝિટલ માધ્યમોના બધા જ પ્લેટફોર્મ પર કાર્યરત રહેવા પ્રયત્નશીલ છે. ભવિષ્યમાં શિક્ષણનાં માળખામાં જે કઈ પરિવર્તનો આવશે એ માટે સજ્જ થવા યુનિવર્સિટી કર્મચારી પરિવાર મહેનતનાં મારગે છે.

**કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાય**
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## नोबेल पुरस्कार विजेता ब्राजीली कवियत्री मार्था मेरिडोस की कविता
## "You Start Dying Slowly" का हिंदी अनुवाद

**आप धीरे-धीरे मरने लगते है, अगर आप**

- पढ़ते नहीं कोई किताब,
- सुनते नहीं जीवन की ध्वनियाँ,
- करते नहीं किसी की तारीफ़ ।

**आप धीरे-धीरे मरने लगते है, जब आप**

- मार डालते है अपना स्वाभिमान
- नहीं करने देते अपनी और न ही करते है मदद दूसरो की

**आप धीरे-धीरे मरने लगते है, अगर आप**

- बन जाते है गुलाम अपनी आदतों के,
- चलते है रोज उन्ही रोज वाले रास्तो पे,
- नहीं बदलते है अपना दैनिक नियम व्यवहार,
- नहीं पहनते है अलग-अलग रंग, या
- आप नहीं बात करते उनसे जो है अजनबी अनजान

**आप धीरे-धीरे मरने लगते है, अगर आप**

- नहीं महसूस करना चाहते आवेगों को, और उनसे जुडी अशांत भावनाओं को, वे जिनसे नम होती हों आपकी आँखे, और करती हों तेज आपकी धडकनों को

**आप धीरे-धीरे मरने लगते है, अगर आप**

- नहीं बदल सकते हों अपनी जिन्दगी को, जब हों आप असंतुष्ट अपने काम और परिणाम से,
- अगर आप अनिश्चित के लिए नहीं छोड़ सकते हों निश्चित को,
- अगर आप नहीं करते हों पीछा कीसी स्पप्न का,
- अगर आप नहीं देते हों इजाजत खुद को, अपने जीवन में कम से कम एक बार
  किसी समजदार सलाह से दूर भाग जाने की

**तब आप धीरे-धीरे मरने ही लगते है..**

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
## એપ્રિલ ૨૦૨૦ થી જૂન ૨૦૨૦ દરમ્યાન લેવાયેલ નિર્ણયોની ઝાંખી :

ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટ, યુનિવર્સિટી એકેડેમિક પ્લાનિંગ બોર્ડ તેમજ માનનીય કુલપતિશ્રીની પ્રેરણાથી યુનિવર્સિટી દ્વારા વિવિધ કાર્યક્રમોનું લાઈવ પ્રસારણ તેમજ અન્ય માહિતીઓ આપવા માટે યુનિવર્સિટી ‘BAOU Gujarat` YouTube Channel બનાવામાં આવી. યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા અભ્યાસક્રમોની વિષયવાર YouTube Channel અને Facebook Page બનાવવામાં આવેલ છે એ બાબત જાણી અને યુનિવર્સિટી દ્વારા સોશ્યલ મીડિયાનો હકારાત્મક ઉપયોગ કરી છેવાડાના વિદ્યાર્થી સુધી પહોંચવાના ધ્યેયને સાર્થક કરી ઓક્ટોબર-૨૦૧૯ થી માર્ચ ૨૦૨૦ સુધી રેકોર્ડ થયેલ તમામ અભ્યાસક્રમોના અંદાજે ૮૮૬ જેટલા વિડીયો યુનિવર્સિટી દ્વારા બનાવવામાં આવેલ જે તે અભ્યાસક્રમની YouTube Channel પર અપલોડ કરવામાં આવેલ છે.

Zoom Platform Lecture Video Seriesનું તા.૨૦-૦૪-૨૦૨૦ થી ૦૨-૦૫-૨૦૨૦ અને ૨૧-૦૫-૨૦૨૦ થી ૩૦-૦૫-૨૦૨૦ સુધી યોજવામાં આવ્યા. જેમાં ૧૯૨ જેટલા લેક્ચર્સ લેવાયેલ અને Google Meet Platform Lecture Seriesનું તા. ૦૭-૦૫-૨૦૨૦ થી ૧૬-૦૫-૨૦૨૦ સુધી આયોજન કરવામાં આવ્યું, જેમાં ૨૩૪ જેટલા લેક્ચર્સ લેવાયેલ.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા COVID -૧૯ની મહામારીને કારણે સમગ્ર દેશમાં લોકડાઉનની પરિસ્થતિ વચ્ચે આ યુનિવર્સિટીએ કેળવણીની મિશાલ જગતી રાખી વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને વાલીઓને સતત હકારાત્મક ભાવાવરણ મળી રહે તેવા ઉદ્દેશ સાથે યુનિવર્સિટી દ્વારા વિવિધ વિષયો પર વેબિનાર યોજાયા.

વધુમાં જણાવતા આનંદ થાય છે કે યુનિવર્સીટીના ઈતિહાસમાં પ્રથમ વખત તા.૨૫-૦૬-૨૦૨૦ના રોજ Virtual Platform પર યુનિવર્સિટીનો પદવીદાન સમારંભ યોજાયો જેમાં ૧૩૮૩૫ વિદ્યાર્થીઓને ડીગ્રી એનાયત કરવામાં આવી.








# ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ નિમિત્તે
# સામાજિક સમરસતા - વેબિનાર




તા.૧૪-૦૪-૨૦૨૦ના રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ નિમિત્તે કુલપતિશ્રી અમીબહેન ઉપાધ્યાયના માર્ગદર્શનમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરનું જીવન, વિચાર અને સામાજિક સમરસતાના વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું

કોવિડ ૧૯ ની મહામારીને કારણે લોકડાઉન હોવા છતાં અદ્યતન ટેકનોલોજીના વિનિયોગથી આ વેબિનારમાં ગુજરાત રાજયના શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ દેશના જાણીતા શિક્ષણવિદો જોડાયા હતા. સાથે આ વેબિનારમાં ૨૧૦૦ જેટલા વિચારવંત વિદ્યાર્થીઓ અને જ્ઞાનપિપાસુઓ ઓનલાઈન સામેલ થઈને આ વેબિનારને કાન દઈને, મનથી માણ્યો હતો.

વેબિનારમાં વિષય તજજ્ઞ તરીકે સાવિત્રીબાઇ ફુલે યુનિવર્સિટીના ડૉ.નરેન્દ્ર જાદવજી, શિક્ષણવિદ્ અનિરુદ્ધ દેશપાંડે તેમજ બાબાસાહેબ આંબેડકર વિચારધારાના મર્મજ્ઞ, લેખક કિશોર મકવાણા વકતા તરીકે વેબિનારમાં ZOOM એપ્લિકેશનના માધ્યમથી શ્રોતાઓ સમક્ષ ઉપસ્થિત રહીને, બાબાસાહેબ અને સામાજિક સમરસતા વિશે મનનીય વાતો કહી તેની ઝલક આ રહીઃ

- ડૉ.બાબાસાહેબ આંબેડકર કોલંબિયા યુનિવર્સિટી દ્વારા ઘોષિત થયેલા વિશ્વના પ્રથમ કક્ષાના સ્કોલર છે.
- ડૉ.બાબાસાહેબ આંબેડકર એક અથાક પુરુષાર્થી માણસ હતા.
- કપરા સંજોગોમાં શિક્ષણ મેળવતા રહી આગળ વધતા રહી, ઉચ્ચ મુકામે પહોંચ્યા.
- ઉચ્ચ મુકામે પહોંચ્યા છતાં જે સમાજમાં જન્મ થયો તેની વ્યથા, પીડા ભૂલ્યા નહીં.
- સમાજના છેવાડે શ્વસતા, છેલ્લે રહેતા માણસને બેઠો કરવા જીવન સમર્પિત કર્યું. જીવનપર્યંત સમતા, સમાનતા અને સ્વતંત્રતાના હિમાયતી રહ્યા.
- બાબા માનતા કે ભારતીય સમાજમાં સમરસતા આવશે તો જ સમાજનો ઉત્કર્ષ નિર્વિઘ્ને થશે.
- ભારતના દલિત સમાજના માણસોને માટે તેમણે સૂત્ર આપ્યુંઃ 'શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો.'
- પછાત સમાજોના માણસોને સ્વાવલંબી બનવા માટે શિક્ષણ મેળવવાની અને એમને આર્થિક સહયોગ પણ મળે એ પ્રમાણેની વ્યવસ્થા ગોઠવી.

ભારતના સંવિદ્યાનના સર્જક તરીકે એમણે સખત પરિશ્રમ કર્યો અને જગતનું બેનમુન એવા ભારતીય સંવિદ્યાનની રચના કરી આપી.

સવારના ૧૦:૦૦ થી સાંજના ૫:૦૦ સુધીના સળંગ સમયમાં આ વેબિનાર એટલે કોરાનાના લોકડાઉનના સમયમાં પણ શિક્ષણની ધૂપસળી પ્રજ્વલિત રાખવાનો પરિશ્રમ.

## વેબિનાર
## લોકડાઉનમાં શારીરિક અને માનસિક સુખાકારી જાળવી રાખવી.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા ૨૫/૦૪/૨૦૨૦ના રોજ 'લોકડાઉનમાં શારીરિક અને માનસિક સુખાકારી જાળવવા' એક વેબિનાર વ્યાખ્યાન શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું હતું. માનનીય કુલપતિશ્રી, પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયના માર્ગદર્શન મુજબ યુનિવર્સિટીએ એક ભૂમિકા ભજવી છે. કોવિડ -૧૯ના અભૂતપૂર્વ સમયમાં મહત્વપૂર્ણ ભૂમિકા તકનીકીના મહત્તમ ઉપયોગ દ્વારા શિક્ષણવિદ્યાના વધુ વિકાસ માટે તેમાં વિદ્યાર્થીઓ અને હિસ્સેદારો સાથે જોડાયા હતા.

આ વેબિનારનું વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર રીઅલ ટાઇમ બ્રોડકાસ્ટ સાથે જીવંત પ્રસારણ કરાયું હતું. તે વિદ્યાર્થીઓ, શિક્ષણવિદો, વ્યાવસાયિકો, યુનિવર્સિટીના કાર્મચારીઓ સહિત ૧૧,૦૦૦ થી વધુ દર્શકો સુધી પહોંચ્યો છે. આ વેબિનાર દ્વારા ૫૦,૦૦૦થી વધુ સહભાગીઓએ સક્રિય ભાગ લીધો હતો.

વેબિનારના જાણીતા વક્તાઓ માનનીય શ્રી, અંજુ શર્મા (આચાર્ય સચિવ, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, ગુજરાત સરકાર), ડૉ. પાર્થિવ મહેતા (એમ.ડી. ચેસ્ટ ડિસીઝ, ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર, મહેતા હોસ્પિટલ અને કાર્ડિયો કેર સેન્ટર, અમદાવાદ) અને ડૉ. પાર્થ ગોયલ (એમ. ડી. મનોચિકિત્સા, પાર્થ હોસ્પિટલ, અમદાવાદના સ્થાપક અને માલિક) હાજર રહ્યા હતા. જેમણે આ રોગચાળા દરમિયાન શારીરિક અને માનસિક આરોગ્યને લગતા અસરકારક અને જટિલ પ્રશ્નો કરીને આ વક્તાઓ સાથે વાતચીત કરી હતી. સાવચેતીઓ અંગે વક્તાઓએ સહભાગીઓ અને દર્શકો સાથે તેમની તબીબી કુશળતા શેર કરી કોરોના વાયરસના ચેપથી બચવા માટે જરૂરી ક્યાં ક્યાં પગલાં લઈ શકાય એ વિશે કરી હતી. વક્તાઓએ વિદ્યાર્થીઓ અને દર્શકોના જુદા જુદા પ્રશ્નોના જવાબો આપ્યા હતા. અને રાષ્ટ્રવ્યાપી લોકડાઉનના આ પરીક્ષણ સમયમાં રોગ પ્રતિકારક શક્તિ, શારીરિક તંદુરસ્તી અને માનસિક સુખાકારી વધારવા માટેની અસરકારક માર્ગદર્શન આપ્યું હતું.

આમ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ તેમના શૈક્ષણિક અને સર્વગ્રાહી કલ્યાણ માટે તેના વિદ્યાર્થીઓ અને હોદ્દેદારો સુધી પહોંચવાનો પ્રયાસ ચાલુ રાખ્યો છે. ડૉ. જૈની શાહે આ વેબિનારનું સંકલન કર્યું હતું.



## ગુજરાત રાજયનાં સ્થાપના દિવસ નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા કાવ્ય, નિબંધ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ગુજરાત સરકારના પ્રકલ્પ અનુસાર ગુજરાત સ્થાપના દિવસની ઉજવણીએ આપણા કોરોના વોરિયર્સની કામગીરીને બિરદાવવાના ભાગરૂપે ટૅકનૉલૉજીનો ઉપયોગ કરીને ઓનલાઈન ડિઝિટલ સ્પર્ધાઓનું આયોજન કર્યું હતું. જે અંતર્ગત ડિઝિટલ નિબંધ સ્પર્ધા, કાવ્ય સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. જે સર્વે સ્પર્ધાનો વિષયઃ 'ગુજરાતના ગૌરવ અને અસ્મિતા સ્વરૂપ કોરોના વોરિયર્સની ભૂમિકા' રાખવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતભરના યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓને ભાગ લીધો હતો. તા.૦૩-૦૫-૨૦૨૦ થી ૦૭-૦૫-૨૦૨૦ સુધીમાં વિદ્યાર્થીઓને પોતાની કૃતિ ડિઝિટલ સ્વરૂપે યુનિવર્સિટીને મોકલાવી હતી. આ સ્પર્ધાઓમાં કુલ ૨૫૭ વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમાં નિબંધ સ્પર્ધામાં ૧૩૩, કાવ્ય સ્પર્ધામાં ૮૨ અને ચિત્ર સ્પર્ધામાં ૮૯ સ્પર્ધકોએ ભાગીદારી નોંધાવી હતી. આ સ્પર્ધાઓમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પોતાની કુશળતા અને સંવેદનાશીલતા દ્વારા નિર્ણાયકોના મન જીતી લીધા હતા.

નિબંધ સ્પર્ધાના નિર્ણાયક : પ્રો. ડૉ દર્શનાબહેન ત્રિવેદી
કાવ્ય સ્પર્ધાના નિર્ણાયક : ડૉ. હરદ્વાર ગોસ્વામી
ચિત્ર સ્પર્ધાના નિર્ણાયક : શ્રીમતી તૃપ્તિબહેન દવે

આ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ ગુજરાતના કોરોના વોરિયર્સની કામગીરીને ઝીણવટભરી નજરે આલેખી હતી, સમસ્યાની ગંભીરતા અને તેના કારણોને સર્જનાત્મકતામાં વણી લઈ પોતાની અંદર રહેલી સર્જનશીલતા અને દેશભાવનાને સ્પર્ધાના માધ્યમે વ્યક્ત કરી હતી. આ આખી સ્પર્ધાનું સંયોજન-સહસંયોજન યુનિવર્સિટીમાંથી અનુક્રમે વિદ્યાર્થી સહાય સેવાનાં નિયામકશ્રી ડૉ. આવાબહેન શુક્લા અને લર્નર સપોર્ટ સેન્ટરના વિભાગાધ્યક્ષ ડૉ. હેતલ ગાંધી દ્વારા થયું હતું. આ સ્પર્ધાના પુરસ્કાર ગુજરાત સરકારના પત્ર ક્રમાંક મકમ/ સ્થાપના દિવસ/૨૦૨૦/ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી તાઃ ૦૧-૦૫-૨૦૨૦ મુજબ જાહેર કરવામાં આવ્યા હતા, જે પરિણામની વિગતો નીચે મુજબ છેઃ

### સ્પર્ધાના પરિણામ

❖ નિબંધ સ્પર્ધા

પ્રથમ પુરસ્કાર : પરમાર જયદિપ ઠાકોરસિંહ (819040100245 BED)
દ્વિતીય પુરસ્કાર : તાક તસ્લીમબહેન લાલખાન (817040102400BA)
તૃતીય પુરસ્કાર : પરમાર નિલેશ હરસુખા (218140106390MEG)

❖ કાવ્ય સ્પર્ધા

પ્રથમ પુરસ્કાર : ભિવલીયા કિશદાન શામલભાઈ (220000101258BA)
દ્વિતીય પુરસ્કાર : ગોનીયા ફાલ્ગુની અશોકભાઈ (819152251455MSW)
તૃતીય પુરસ્કાર : પટેલ રાકેશકુમાર પ્રવિણભાઈ (219160107435MSO)

❖ ચિત્ર સ્પર્ધા

પ્રથમ પુરસ્કાર : મકવાણા દીપકકુમાર મંગાભાઈ (219100204487MEG)
દ્વિતીય પુરસ્કાર : સોની ધવલ રવીન્દ્રભાઈ (819180115174BA)
દ્વિતીય પુરસ્કાર : સથવારા નિકુલકુમાર પ્રવિણચંદ્ર (817100300338B.ED.)
તૃતીય પુરસ્કાર : સોલંકી જૈમિનીબેન દયારામભાઈ (220180111563MGT)

# વેબિનાર
## સાહિત્ય તથા ચલચિત્ર : શિક્ષણના સ્ત્રોત




ડૉ. બાબાસાહેબ ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી અમીબહેન ઉપાધ્યાયના માર્ગદર્શન મુજબ તા.૭-૫-૨૦૨૦ અને ગુરુવારના રોજ સમયઃ ૪ઃ૩૦ કલાકથી એક વેબિનારનું આયોજન કરવામાં આવેલ હતું આ વેબિનારનો વિષય હતો. 'સાહિત્ય તથા ચલચિત્રઃ શિક્ષણના સ્ત્રોત' તેમાં મુખ્ય વકતા લોકપ્રિય લેખક જય વસાવડા અને પત્રકાર તેમજ નવલકથાકાર શિશિર રામાવત હતા.

આ વેબિનારમાં ગુજરાતના માનનીય શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મંત્રીશ્રી વિભાવરીબહેન દવે, શિક્ષણ વિભાગના અગ્રસચિવશ્રી અંજુબહેન શર્માની હાજરી ઉત્સાહ આપતી હતી.

કોરોના ક્રાઈસિસને લીધે વર્ક ટુ હોમના વિચારનું આચરણ કરવા સાથે આ વેબિનારમાં બાબાસાહેબ ઓપન યુનિવર્સિટીના દૂરવર્તી વિસ્તારના હજારો વિદ્યાર્થીઓ તેમજ સમગ્ર દેશમાંથી પણ શિક્ષણ સાથે રસ રાખતા બુદ્ધિજીવી વર્ગ જોડાયો હતો.

વેબિનારના આરંભમાં કુલપતિશ્રી અમીબહેન ઉપાધ્યાયએ માનવંતા માનવોનું હાર્દિક સ્વાગત કરી વેબિનારની પૂર્વભૂમિકા બાંધી આપી હતી. એ પછી આમંત્રિત વકતા શિશિર રામાવતે વેબિનારના વિષય 'સાહિત્ય તથા ચલચિત્રઃ શિક્ષણના સ્ત્રોત'ની ઉદાહરણ સાથે અભિવ્યકિત કરી હતી. તેમણે કહ્યું કે,

'સાહિત્યના ભાવનથી માણસની આંતરિક શકિત ખીલી શકે છે. ઉમદા સિનેમા અને કળાત્મક સાહિત્ય શિક્ષણમાં સહયોગ આપી શકે છે. ગાંધીજી ઉપરની ફિલ્મ તેમજ માઈન્ડ ઈઝ બ્યૂટીફૂલ, અર્થ જેવી ફિલ્મોથી શિક્ષણમાં મદદ મળી શકે છે. કોરાનાના સમયમાં ઘરમાં રહી સાહિત્યની સારી કૃતિઓનું પરિશીલન અને અર્થસભર મુવીઓ જોઈને શિક્ષણ સાથે સેતુ સર્જી શકાય છે.'

બીજા વિચારશીલ વકતા જય વસાવડાએ તો પોતાના આ રસના વિષય ઉપર વેબિનારનું આયોજન કરવા બદલ બી.એ.ઓ.યુ. ટીમની સરાહના કરી હતી. તેમણે વિષય સંદર્ભે સચોટ વિચારો પ્રગટ કરતા કહ્યું કે, 'સિનેમાના માધ્યમથી સાહિત્ય પોષાય અને સાહિત્યના માધ્યમથી સિનેમા સંગોપાય આખરે તો આ સિનેમા સાહિત્ય અને શિક્ષણ એ ત્રિવેણી છે. સારું જોઈને,સારું સાંભળીને એનું આચરણ કરવું એ તો શિક્ષણનો ઉદ્દેશ છે. જગતની બેનમૂન સાહિત્ય કૃતિઓ અને કલાસિકલ મુવી આખરે તો માનવ સમાજને એક પગથિયું આગળ વધારે છે. સાહિત્ય અને સિનેમા આજના અને ભવિષ્યના શિક્ષણના પાયાના બેમિસાલ સ્ત્રોત બની શકે એવી ક્ષમતા રાખે છે.'

વેબિનારમાં ઉપસ્થિત શિક્ષણ સચિવ અંજુબહેન શર્મા એ આવા લોકપ્રિય વકતાઓ દ્વારા શિક્ષણની વાત ઉજાગર કરતા વેબિનાર માટે આનંદ દર્શાવ્યો હતો. માનનીય મંત્રીશ્રી વિભાવરી દવેએ પોતાના ઉછેરમાં પુસ્તકો અને સિનેમાના ફાળા વિશે વાત કરી ભાવ પ્રગટ કરેલો.

વેબિનારના સમાપનમાં શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પોતાનો રાજીપો રેલાવતા કહ્યું કે, 'વેબિનારના માધ્યમથી કેળવાયેલ વકતા અને કેળવણીને પોષક વિષય ઉપર આ વિચારયજ્ઞનું આયોજન મને ખૂબ પસંદ આવ્યું, ગુજરાત આખા ભારતમાં પહેલું રાજય છે કે જેમણે ટેકનોલોજીનો પ્રેરક ઉપયોગ કરી શિક્ષણ આપવા માટે વેબિનારનો વિનિયોગ કર્યો છે. એ માટે કુલપતિશ્રી અમીબહેન ઉપાધ્યાયને અભિનંદન આપું છું.'

વેબિનારમાં પરીક્ષા નિયામકશ્રી નિલેશ મોદીએ શ્રોતાઓના સવાલો વકતાઓને પૂછયા હતા તેના જવાબ પણ શિક્ષણના મૂળને સિંચતા હતા. અંતમાં બી.એ.ઓ.યુ.ના રજીસ્ટારશ્રી ભાવિનભાઈ ત્રિવેદીએ આભાર દર્શન કર્યું હતું.

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ

'નારી સપ્તક' વેબિનાર શ્રેણી

# નારી સપ્તક શ્રેણી

"Women's Heptastich Lecture Series"

BAOU Education for All



**Shri Narendra Modi**
Hon'ble Prime Minister
India



**Smt. Smriti Zubin Irani**
Minister of Tetiles
Government of India



**Shri Vijay Rupani**
Hon'ble Chief Minister
Gujarat



**Shri Bhupendrasinh Chudasama**
Hon'ble Education Minister
Gujarat



**Smt. Vibhavariben Dave**
Hon'ble Minister of State
Education, Women and Child Welfare
Gujarat



**Smt. Anju Sharma, IAS**
Principal Secretary
Higher & Technical Education,
Government of Gujarat.



**Prof. (Dr.) Ami Upadhyay**
Vice Chancellor
Dr. Babasaheb Ambedkar Open University
Ahmedabad, Gujarat.



Moderator
**Dr. Awa Shukla**
I/c. Director (SS)
Chairperson, Women Development Cell
Dr. Babasaheb Ambedkar Open University Ahmedabad



**Smt. Dipika Chikhlia**
Indian Actress
& Political Leader



**Smt. Ela Ramesh Bhatt**
Padma Shri and Padma Bhushan,
Recipient of Ramon Magsaysay Award



**Padma Shri Nivedita Bhide**
Padma Shri and Vice President
Vivekanand Kendra, Kanyakumari



**Dr. Falguni Vasavada**
Professor & Chair Strategic
Marketing Area, MICA



**Devaki**
Theater and TV Artist,
Well-Known Radio Jocky



**Smt. Kajal Oza Vaidya**
Actress, Author, Screen Writer
Radio Personality and Journalist

# વેબિનાર
# 'નારી સપ્તક શ્રેણી'
# વિચારબીજ: કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાય

કોવિડ-૧૯ના લોકડાઉનના સમયમાં સદ્‌વિચાર 'નારી સપ્તક શ્રેણી' વેબિનારનું આયોજન ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ.અમીબહેન ઉપાધ્યાયની પ્રેરણાથી તા.૧૦-૫-૨૦ થી તા.૧૬-૦૫-૨૦ના સમયમાં કરવામાં તા.૧૦-૫-૨૦૨૦ મધર્સ ડેના અવસરે નારી ઊર્જાને ઉજાગર કરતી 'નારી સપ્તક શ્રેણી'નો શુભારંભ કરવામાં આવ્યો. ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી અમીબહેન ઉપાધ્યાયની પ્રેરણાથી વિચારોનું વાવેતર કરતા આ વેબિનારમાં સાત સફળ મહિલાઓ રોજ ઉપસ્થિત રહી પોતાની સફળતાની સંઘર્ષગાથાને યુનિવર્સિટીના છાત્રો અને ભાવકો માટે અભિવ્યકિત આપી હતી.

તા.૧૦-૦૫-૨૦ અને રવિવારના રોજ સમય: ૫:૦૦ કલાકે વેબિનારનો આરંભ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના આશીર્વચનથી થયો. આદરણીય વિજયભાઈએ સ્ત્રીની અનોખી સમાજ સેવાને વંદન કરી,આજે દેશસેવા, વહીવટના દરેક વિભાગોમાં નારી પોતાની બુદ્ધિ અને પરિશ્રમથી, ઘરની સંભાળ રાખતા સફળ રહી છે. આવા ઉમદા વિષયને લઈ વેબિનારનું આયોજન કરવા બદલ માનનીય વિજયભાઇ રૂપાણીએ યુનિવર્સિટીના કુલપતિને અને ટીમને અભિનંદન આપી રાજીપો પ્રગટ કર્યો હતો.

કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાયે વેબિનારમાં ઉપસ્થિત અતિથિ વિશેષ શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મંત્રીશ્રી વિભાવરીબહેન દવે, શિક્ષણ વિભાગના અગ્રસચિવ અંજુબહેન શર્મા, મુખ્ય વકતા દીપિકાબહેન ચિખલિયા, અને વિદ્યાર્થીઓનું હાર્દિક સ્વાગત કર્યું હતું. માનનીય કુલપતિશ્રી અમીબહેને વેબિનારની ભૂમિકા બાંધી આપી પ્રાસંગિક વિચારોને રજૂ કરતા કહ્યું કે, 'આપણે નારીના સામર્થ્યને સમજીએ, નારીની ગરીમાને આદર આપી તેનું ગૌરવ કરીએ. સફળ નારીઓની સંઘર્ષગાથા અનન્ય હોય છે. ભારતીય સંસ્કૃતિમાં માતાનું સ્થાન ઊંચું છે. આપણે ત્યાં ગાય, નદી, તુલસી, ધરતીને માતા કહેવામાં આવે છે એ આપણા સંસ્કાર છે. અમારી યુનિવર્સિટીમાં નાના બાળક સાથે યુવાન સ્ત્રી પણ ડિગ્રી લેવા આવે તો બુઝર્ગ માતાઓ પણ શિક્ષણ લે છે. એટલે નારી સપ્તાહના વકતા પણ દરેક ઉંમરના પસંદ કરવામાં આવ્યા છે.

એ પછી વેબિનારના વકતા,રામાયણ સિરિયલમાં સીતાજીનું પાત્ર જીવંત કરનાર દીપિકા ચિખલિયાએ નારી વિષયક પોતાના વિચારોની પ્રસ્તુતિ કરતા કહ્યું હતું કે, 'દરેક સ્ત્રી એક ઘર અને પરિવારનું સર્જન કરે છે. કુદરતી રીતે જ સ્ત્રીની સમજણ અને આંતરિક ઊર્જા અધિક હોવાથી આપણે ત્યાં શકિતના પ્રતિક તરીકે મા પાર્વતી, અંબા, દુર્ગાનું પૂજન થાય છે. સૃષ્ટિ ચલાવવા માટે નારીશકિત સબળ ભૂમિકામાં છે'. 'નારી સપ્તક શ્રેણી' વેબિનારના બીજા દિવસે, તા. ૧૧-૦૫-૨૦૨૦ના રોજ સકારાત્મક વિચારબીજની અભિવ્યકિત માટે પદ્‌મવિભૂષણ અને રેમન મેગ્સાસ એવોર્ડ વિજેતા સહજતાના પર્યાય ઈલાબહેન ભટ્ટ 'સ્ત્રી અને સ્વાવલંબન' વિષય ઉપર પ્રેરણાત્મક વિચારોનું વાવેતર કર્યું. બી.એ.ઓ.યુના વૈચારિકયાત્રા સમા વેબિનાર 'નારી સપ્તક શ્રેણી'ના ત્રીજા દિવસે તા. ૧૨-૦૫-૨૦૨૦ના રોજ વિવેકાનંદકેન્દ્ર કન્યાકુમારીના વાઇસ ચેરમેનશ્રી નિવેદિતા ભીડેજી 'સ્ત્રી, સંઘર્ષ અને ધર્મ' વિષય ઉપર પોતાના અનુભવોની વાત પ્રગટ કરવા માટે ઉપસ્થિત હતા. જીવંત વેબિનાર 'નારી સપ્તક શ્રેણી'નો સફળતા પૂર્વક ઉઘાડ થયો. એ ઉપક્રમના ચોથા દિવસે તા.૧૩-૦૫-૨૦૨૦ના દિવસે પ્રેરણાદાયી વકતા પ્રો.ફાલ્ગુની વસાવડાજીએ 'ભારતીય સમાજમાં સ્ત્રીની ઓળખ' વિશે વિચારો પ્રગટ કરી સ્ત્રીઓને પ્રેરણા આપી હતી.

તા.૧૪-૦૫-૨૦૨૦ની વેબિનારની સાંજમાં વકતા તરીકે આમંત્રિત કરવામાં આવેલ R.J.દેવકીજી એટલે એક લોકપ્રિય રેડિયો જોકી, સાહિત્યિક નાટકોની અભિનેત્રી' તેમના નિખાલસ વ્યકિતત્વમાંથી નારી જીવન વિષયક, દુનિયાદારીની યથાર્થ સરવાણી વહી હતી. નારીજીવનમાં વિચારનું અજવાળું પીરસતી 'નારી સપ્તક શ્રેણી'ના છઠ્ઠા દિવસે  તા.૧૫-૦૫-૨૦ના રોજ 'નારી અને સ્વતંત્રતા' વિષય ઉપર લોકપ્રિય સર્જક કાજલ ઓઝા વૈદ્યની સંવેદન સરિતા ગિરાવાટે વહી હતી. 'નારી સપ્તક શ્રેણી'ના વેબિનારમાં સમાપનના સાતમા દિવસે તા.૧૬-૦૫-૨૦ નારીશકિતનું જીવંત ઉદાહરણ કેન્દ્રિય મિનિસ્ટર આદરણીય સ્મૃતિ ઈરાનીજી શકિતના 'સ્ત્રોતસમા નારીજીવનના તેજસ્વી પરિમાણ' વિશે વાતો કરવા ઉપસ્થિત રહ્યા હતા. વેબિનારના સાત દિવસ સુધીમાં રેમન મેગ્સાસ એવોર્ડ વિજેતાથી લઈ પદ્‌મશ્રી, પદ્‌મવિભૂષણ અને કેન્દ્રિય મિનિસ્ટર સ્મૃતિ ઈરાની સુધીના વકતાઓને યુનિવર્સિટીએ વેબિનારમાં આમંત્રિત કરી નારીશકિતના ઉજાસની ઊજવણી કરવા સાથે સ્ત્રીજીવનનના અનેકવિધ પાસાઓની છણાવટ ઉઘાડ પામી શકી હતી.

આજના કોરાનાગ્રસ્ત સંકટ સમયમાં, પરિવર્તનશીલ જગતમાં પણ કર્મઠ માણસ પોતાની જવાબદારી સમજીને, શૈક્ષણિકસંસ્થાઓ પોતાનું કર્તવ્ય સ્વીકારીને કાર્યરત રહી, સમાજને બેઠો કરવામાં યોગદાન આપી શકે છે. એવા જ વિચારબીજનું આજના માહોલમાં વાવેતર કરવા ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત બી.એ.ઓ.યુ. ટીમ સુઝથી મહેનત કરે છે. માનનીય કુલપતિશ્રી અમીબહેનના દિશા સૂચનથી એક વેબિનાર 'નારી સપ્તક શ્રેણી'નું સફળ આયોજન એટલે ટેકનોલોજીના ઉપકરણોથી ઘર બેઠા સદ્‌વિચારોનું વાવેતર આખરે **BAOU**ની ટેગલાઈન છે, 'સ્થળ અને સમયના બંધનોથી મુકત શિક્ષણ'.

## વેબિનાર
## ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ

કોમનવેલ્થ એજ્યુકેશનલ મીડિયા સેન્ટર ફોર એશિયા (CEMCA), નવી દિલ્હી અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ, ગુજરાતના સંયુક્ત આયોજનથી તા.૧૮/૦૫/૨૦૨૦ થી તા.૨૦/૦૫/૨૦૨૦ના ત્રિ-દિવસીય 'ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વેબિનાર ટેકનોલોજીના ઉદ્દભવ અને વિકાસના લીધે છેલ્લા કેટલાંક દાયકાઓથી તમામ શિક્ષણવિદો અને ચિંતકો સુગમ બને અને આ પ્રક્રિયા સરળ બને એ માટેની શોધખોળ કરી રહ્યા છે. જે પ્રવર્તમાન સમયમાં બદલાતા પ્રવાહમાં મુખ્ય જવાબદારી નિભાવી રહ્યાં છે. શૈક્ષણિક હેતુ માટે તકનીકીનો ઉપયોગ કરવાની સંભાવનાનું અવલોકન કરી રહ્યાં છે. હવે તે શિક્ષકોએ નવતર સુવિધાઓ અને અદ્યતન સાધનો સાથે નવી આવડત વિકસાવવી પણ જરૂરી છે. નવી શિક્ષણ નીતિ સાથે અને ખાસ કરીને 'કોવિડ-૧૯' જેવી વર્તમાન પરિસ્થિતિમાં શિક્ષકો માટે શૈક્ષણિક કાર્ય અને આચરણની કુશળતાની જરૂર પડે છે. અભ્યાસક્રમના સુધારણા માટે કેન્દ્રીય છે અને તેથી શિક્ષણશાસ્ત્રના વિકાસને સક્ષમ કરશે જે શિક્ષણની સૌથી અનુકૂળ સ્થિતિ અને તમામ વિદ્યાર્થીઓ માટે ઉચ્ચતમ ગુણવત્તાવાળા શિક્ષણના પરિણામો પ્રદાન કરે છે. શિક્ષકોની નવી ભૂમિકા, શીખવાની પ્રક્રિયા, નવી દ્રષ્ટિ, વિચારવાની અને સમજવાની નવી રીતની માંગ કરે છે. અને તેથી, આ જરૂરિયાતને સમજતા, આવા તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનો ઉદ્દેશ 'ડિઝાઈન અને ડેવલપમેન્ટ' (MOOCs) પર છે અને MOOCs વિશે જાગૃતિ લાવવા અને ફેકલ્ટીને તેમના સંબંધિત ડોમેન પર આવા અભ્યાસક્રમોની રચના, વિકાસ અને વિતરણ માટે તાલીમ આપવાનું છે. આ ત્રિ-દિવસીય (FDP) ચોક્કસપણે ડિજિટલ ઇમિગ્રન્ટ્સને જ નહીં, પણ ટેક્નો-સેવી શિક્ષક તરીકે આકાર આપવા અને આવશ્યક જરૂરિયાતો પૂરી પાડશે અને નવા સ્વતંત્ર અને આકર્ષક વાતાવરણમાં શિક્ષકો તરીકેની ભૂમિકાઓ સુધારવામાં પણ મદદ કરશે, એટલે કે MOOCs દ્વારા અમે ટેક્નોલોજી સક્ષમ લર્નિંગને પ્રોત્સાહિત કરી શકશું અને લાંબા સમય સુધી સેલ્ફ લર્નિંગ પ્લેટફોર્મ અને સામાન્ય રીતે ખાસ સામગ્રી પ્રદાન કરી શકશું.

આ વેબિનારના સત્રો ZOOM પ્લેટફોર્મ દ્વારા હાથ ધરવામાં આવ્યાં હતાં અને તે જ ઉદ્દેશો સાથે ગોઠવાયેલા હતા, જેમાં પ્રો. મધુ પરહર, (ડાયરેક્ટર CEMCA), ડૉ. માનસ પાણીગ્રહી (પ્રોગ્રામ ઓફિસર - એજ્યુકેશન, CEMCA) અને સેશન એક્સપર્ટ્સ ડૉ. જી. મૈથિલી, (ડેપ્યુટી ડિરેક્ટર સ્ટાફ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ડિસ્ટન્સ એજ્યુકેશન, IGNOU, નવી દિલ્હી) અને ડૉ. નિશા સિંઘ (નાયબ નિયામક – R&D, IGNOU, નવી દિલ્હી)ના લગભગ તમામ સત્રોમાં સક્રિયપણે ભાગ લીધો હતો અને એમના સમર્થનને સ્વીકારવા માંગીએ છીએ. આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ માટે ત્રિ-દિવસીય કાર્યક્રમ થયો તેની વિગતો નીચે મુજબ છે.

દિવસ ૧: પ્રથમ દિવસના ઉદ્‌ઘાટન સત્રમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયે તેના પ્રેરક શબ્દોથી સહભાગીઓ અને અન્ય નિષ્ણાતોને સંબોધન કર્યું હતું. પ્રો. મધુ પરહર (ડાયરેક્ટર CEMCA)એ વેબિનારના લક્ષ્યો, પરિણામો અને કાર્યશાળાના સમગ્ર સમયગાળા દરમિયાન સહભાગીઓની ભૂમિકા નિભાવી હતી.

તદુપરાંત, આ સત્રના નિષ્ણાતો ડૉ.  નિશા સિંહ અને ડૉ.  જી. મૈથિલી અને ડૉ. માનસ પાણીગ્રહી બધા સત્રોના યજમાન અને મધ્યસ્થી હતા. વર્કશોપના નીચેના કોર્સમાં ડૉ. નિશા સિંહ અને ડૉ. જી. મૈથિલી જેમાં તેઓએ પ્રથમ સત્રમાં મૂડલ (SWAYAM Quadrant ૧) દ્વારા એમઓઓસી ડિઝાઈન કરવાની વાત કરી અને ભાગ લેનારને કેવી રીતે સામગ્રી અપલોડ કરી શકાય તે શીખવા માર્ગદર્શન આપ્યું (SWAYAM Quadrant ૧) અને સૂચન કર્યું કે શક્ય તેટલી પ્રેક્ટિસ કરો. ફેકલ્ટીના સહભાગીઓ માટે પ્રાયોગિક સોંપણી સાથે સત્રો સમાપ્ત કરવામાં આવ્યાં હતાં.

દિવસ ૨: બીજા બે સત્રો (SWAYAM Quadrant ૨) પર આધારિત હતા, જેમાં ડૉ. નિશા સિંહ અને ડૉ. જી. મૈથિલી તમામ સહભાગીઓને વિડીયો કન્ટેન્ટ વિકસાવવા અને અન્ય મલ્ટિમીડિયા કન્ટેન્ટ વિકસાવવા માટે તાલીમ આપી હતી. જે તે જ સમયે સામગ્રીને વધુ રસપ્રદ અને આકર્ષક બનાવી શકે. તમામ સહભાગીઓને વિવિધ સોફ્ટવેર રજૂ કરાયા હતા. બધા સહભાગીઓએ બંને સત્રોમાં સક્રિયપણે ભાગ લીધો હતો અને સત્રના નિષ્ણાતો સાથે વાતચીત કરીને તેમની શંકાઓનું સમાધાન મેળવ્યું હતું.

દિવસ ૩: વર્કશોપના છેલ્લા દિવસના ભાગ રૂપે, નિષ્ણાતોએ (SWAYAM Quadrant ૩) એટલે કે ચર્ચા મંચ અને (SWAYAM Quadrant ૪) એટલે કે બે જુદા જુદા સત્રોમાં આકારણી વિશે વાત કરી. બધા સહભાગીઓને ચર્ચા મંચ અને રચનાત્મક અને સારાત્મક મૂલ્યાંકનની ચકાસણી માટે પ્રશ્નો બનાવવા તાલીમ આપવામાં આવી હતી. સત્રમાં, બધા સહભાગીઓએ તેમના અધ્યયનનો અનુભવ પ્રો. ડૉ. મધુ પરહાર અને બંને નિષ્ણાતો સાથે શેર કર્યો. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાંથી, ડૉ. જૈની શાહ અને ડૉ. કિશનકુમાર જોશી (અંગ્રેજીના આસિસ્ટન્ટ પ્રોફેસરો)એ આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું સંકલન કર્યું હતું. વર્કશોપના અંતે ડૉ. જૈની શાહે આભાર માન્યો.

## વેબિનાર

### આંતરશાખાકીય ક્ષેત્રોમાં શૈક્ષણિક પબ્લિશિંગના ધોરણો

**COVID**-૧૯ લોકડાઉનની પરિસ્થિતિમાં શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના શિક્ષણને ધ્યાનમાં રાખીને તેમજ આવી કપરી પરિસ્થિતિમાં હકારાત્મક વિચારો પ્રસરીત થાય આ જુસ્સાથી વિવિધ નવા-નવા વિષય પર ઓનલાઈન સેશન, ઓનલાઈન લેકચર તેમજ વેબિનારનું આયોજન કરવામાં આવે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત સ્કૂલ ઓફ હ્યુમેનીટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીસમાં ચાલતા ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ તેમજ વિવેકાનંદ ગ્રંથાલય દ્વારા કેમ્બ્રિજ યુનિવર્સિટી પ્રેસ **(Cambridge University Press)** સાથે મળીને "આંતરશાખાકીય ક્ષેત્રોમાં શૈક્ષણિક પબ્લિશિંગના ધોરણો" વિષય પર તારીખ ૧૫-૦૫-૨૦૨૦ને શુક્રવારના રોજ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૯૯ જેટલા લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, સંશોધનકર્તાઓ, તેમજ અધ્યાપકોએ ભાગ લીધો હતો. પ્રથમ સત્રમાં અમદાવાદ સિનીયર પબ્લિશિંગ મેનેજર મિસીસ કવોડસિયાએ વક્તા તરીકે હાજરી આપી હતી. જેમાં તેમણે પુસ્તક પ્રકાશિત કરવા માટેની સામાન્ય અને વિશિષ્ટ જરૂરિયાતો વિષે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત લેખક દ્વારા કોઈ પણ પ્રકાશનમાં દસ્તાવેજ પ્રકાશિત કરવા માટે કેવી માહિતી લેવી, સચોટ અને વિશ્વસનીય સ્ત્રોતોનો ઉપયોગ કેવી રીતે કરવો, કોઈ પણ જર્નલમાં આર્ટીકલ કેવી રીતે પ્રકાશિત થાય, શા માટે આર્ટીકલ અથવા રીસર્ચ તેમજ કોઈ રીસર્ચ પેપર પ્રકાશિત કરવા કેવી જર્નલ પસંદ કરવી તેની પણ સારી માહિતી આપી હતી. ત્યારબાદ પુસ્તક પ્રકાશનની પધ્ધતિ, પ્લેગીયારીસમ અને પ્રકાશિત કરવા માટેના એથીકસની પણ ચર્ચા કરી હતી. બીજા સત્રમાં કેમ્બ્રિજ યુનિવર્સિટી પ્રેસ **(Cambridge University Press)**થી પરિચિત કરાયા હતા જેમાં તેમણે તેમની વિવિધ સર્વિસ, સોર્સ, પબ્લીકેશનની, કેમ્બ્રિજ યુનિવર્સિટી શા માટે જરૂરી છે, કેમ્બ્રિજ યુનિવર્સિટી દ્વારા લેખકોને આપવામાં આવતી સેવાઓ, કેમ્બ્રિજ યુનિવર્સિટીના વિવિધ ભાગો વિષે વિસ્તૃત માહિતી આપી હતી. અંતે પ્રશ્નોતરી સત્ર રાખવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ, સંશોધનકર્તાઓ, તેમજ અધ્યાપકો દ્વારા પ્રશ્નો કરાયા હતા અને વક્તા દ્વારા તેમના સંતોષકારક ઉતર આપ્યા હતા.

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સંચાલિત "અત્રિ" સ્પેશ્યલ લર્નર સપોર્ટ સેન્ટર"ની પ્રવૃત્તિ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સંચાલિત 'અત્રિ' સ્પેશ્યલ લર્નર સપોર્ટ સેન્ટર દ્વારા COVID-૧૯ની પરિસ્થિતને ધ્યાને રાખી વિદ્યાર્થીઓ તણાવમુક્ત રહે તે માટે તમામ ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નોનો ઉકેલ કરવાના હેતુથી તા.૨૭-૦૫-૨૦૨૦ના રોજ ઓનલાઈન પ્લેટફોર્મના માધ્યમથી એક બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. જે બેઠકમાં તમામ ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓ, ટ્રાન્સજેન્ડર માટે કાર્ય કરતી NGO (વિકલ્પ અને લક્ષ)ના પ્રતિનિધિઓ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિદ્યાર્થી સહાય કેન્દ્રના નિયામક ડૉ. આવા શુક્લા તેમજ "અત્રિ" સ્પેશ્યલ લર્નર સપોર્ટ સેન્ટરના વ્યવસ્થાપક ડૉ. નિગમ પંડ્યા હાજર રહ્યા હતા. આ બેઠકમાં વિદ્યાર્થીઓને પ્રવેશ, પરીક્ષા, સ્વ્યાધ્યાયકાર્ય અને અધ્યયન સામગ્રીને લગતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું. તેમજ યુનિવર્સિટી તરફથી તેમના શિક્ષણમાં સહાયરૂપ તમામ સહકાર આપવાની બાંહેધરી આપવામાં આવી.

તા.૧૦-૦૬-૨૦૨૦ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજીના વરદ હસ્તે ટ્રાન્સજેન્ડર ગ્રુપના પ્રતિનિધિ તરીકે આવેલ દેવાંશી બજાજને તમામ વિદ્યાર્થીઓની અભ્યાસ સામગ્રી સોપવામાં આવેલ. કુલપતિશ્રીએ સૌ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા અને ગુજરાત આખામાંથી વધારેમાં વધારે ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં જોડાય તેવા પ્રયત્ન કરવાનું વચન વિદ્યાર્થીઓ પાસેથી લીધું હતું.





# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટરની પ્રવૃત્તિ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત શ્રી મોંઘીબેન બધેકા શિશુવિહાર બાલમંદિરના ઉપક્રમે વર્ષ ૨૦૨૦ના પ્રથમ શૈક્ષણિક સત્રના અનુભવ તાલીમ વર્ગ અને જાગૃત વાલી તાલીમ અંતર્ગત ૧૫ લાભાર્થીઓની છ માસની તાલીમ બાદ પરીક્ષા લેવામાં આવી હતી. શ્રીમતી શારદાબહેન ધીરજલાલ દેસાઈ તાલીમ ભવનના વર્ગખંડમાં લેવાયેલ પરીક્ષા માટે શ્રી અંકિતાબહેન, મનીષાબહેન તથા ઉષાબહેનએ જહેમત ઉઠાવી હતી. અને પરીક્ષાર્થીઓને યોગ્ય દિશા નિર્દેશ આપ્યા હતા. શિશુવિહાર ભાવનગરના ઉપક્રમે યોજાયેલ ૭૫માં અનુભવ તાલીમ વર્ગ તથા અગિયારમાં જાગૃત વાલી કાર્યક્રમની સફળતાની લોકઉપયોગીતાને માન્યતા આપતા અભ્યાસક્રમ માટે જનસમુદાય અને યુનિવર્સિટીનો સહકાર આવકારદાયક બને છે.









## વેબિનાર
## ''નવીનતા દ્વારા સ્વનિર્ભર ભારતની શરૂઆત''

તા.૩૦/૦૫/૨૦૨૦ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા 'નવીનતા દ્વારા સ્વનિર્ભર ભારતની શરૂઆત' વિષય પર માનનીય કુલપતિશ્રી પ્રો. ડો. અમી ઉપાધ્યાયની પ્રેરણા હેઠળ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જે હાલના સમય માટે ખૂબ યોગ્ય છે જ્યારે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આખા દેશને અપીલ કરી છે. 'આત્મનિર્ભર' બનવાની વાત ચાલી રહી છે ત્યારે આ યુનિવર્સિટી વેબિનારના માધ્યમથી આત્મનિર્ભરતાની વાત કોવિડ-૧૯ના મહામારીના સમય દરમિયાન આમ સમુદાય સુધી પહોંચાડવા અને રાષ્ટ્રના વિકાસમાં જોડાવા માટે પ્રેરણા આપવાના પ્રયત્નોમાંનો આ એક પ્રયત્ન છે. વેબિનારના પ્રમુખની ઉપસ્થિતિ સાથે, માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય, વક્તાઓ શ્રી પ્રશાંત આર. ગાંધી (ઉદ્યોગસાહસિક), શ્રી ભરત એસ. પટેલ, (અગ્રણી વ્યવસાય નિષ્ણાત) અને શ્રી સુનિલ શાહ, (ઉદ્યોગસાહસિક, શિક્ષણવિદ્ અને બોર્ડ ઓફ મેનેજમેન્ટ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી) ઉપસ્થિત રહ્યા.

શ્રી પ્રશાંત ગાંધીએ નવીનતા વિશે વાત કરી અને આગળ જણાવ્યું કે નકારાત્મકતાને કારણે જીવન અવ્યવસ્થિત થઈ જતું હોય છે. બધા સહભાગીઓને પ્રેરણા આપી, તેમણે ખરા 'કર્મયોગી' બનવાની વાત કરી અને સાચી ભાવનામાં નવીન બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. અને તેના માટે આ મુજબ, 'સહયોગ એકમાત્ર ચાવી છે. તો શ્રી ભરત પટેલે SWOT વિશ્લેષણ હાથ ધરવા અંગે તેમના મંતવ્યો રજુ કર્યા જે સ્વનિર્ભર થવાનું પ્રથમ પગલું છે. તેમણે નવીનતાને 'સ્વનિર્ભર' અને નવીન ભારતના સપનાને સાકાર કરવા પર ભાર મૂક્યો. શ્રી સુનિલ શાહે નવીનતા અથવા આત્મનિર્ભરતાના આધાર પર ધ્યાન કેન્દ્રિત કર્યું, એટલે કે 'આત્મ-અનુભૂતિ' ભારતના સુવર્ણ યુગનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે ભારત હંમેશાં અનુભૂતિ અને નવીનતાઓની ભૂમિ હતું અને આ એકમાત્ર જરૂરી છે કે તે દરેક વ્યક્તિની અંદર રહેલી ખૂબ જ નવીન પ્રકૃતિને શોધવી. તેમણે દરેકને એમ કહીને પ્રોત્સાહન આપ્યું કે કોઈ પણ નવીન બની શકે અને તમે જે પણ કામ સાથે જોડાયેલા હોય તેમાં શ્રેષ્ઠ પ્રદાન કરીને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપી શકો છો. અને તેમણે સૌને નવીનતા માટે સાચા અર્થમાં ફાળો આપવાનું શપથ લેવાનું પ્રોત્સાહન આપ્યું. આ વેબિનાર માનનીય કુલપતિ શ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયની રાષ્ટ્રપતિની ટિપ્પણી સાથે સમાપ્ત થયો, જેમાં તેમણે તમામ સહભાગીઓ અને વક્તાઓને વેબિનારનો ભાગ બનવા માટે અભિનંદન આપ્યા. તેમણે વ્યક્તિગત ડિગ્રીને ધ્યાનમાં લીધા વિના શિક્ષણને નવીનતા સાથે જોડવા પર ભાર મૂક્યો. આગળ પ્રો. ડો. અમી ઉપાધ્યાયે નવીનતા વિશે વાત કરતી વખતે 'ક્યુરિયોસિટી, ક્રિએટિવિટી અને કન્સર્નનનું મહત્ત્વ અને બાળકની જિજ્ઞાસા અને સર્જનાત્મકતાને બહાર આવવા દેવા અને સમાજની મહત્ત્વની ભૂમિકા વિશે વાત કરી. એકંદરે વેબિનાર સફળ રહ્યો.



## વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ૫ જૂન, વિશ્વ પર્યાવરણ દિવસની ઊજવણી સોશિયલ ડિસ્ટન્સિંગ અને માસ્ક સાથે કરવામાં આવી, વૈશ્વિક તાપમાન વધી રહ્યું છે. તેના નિવારણ માટે આજના માણસે વૃક્ષોનું રોપણ કરવું પડશે. એનું સંવર્ધન કરી ભવિષ્યની પેઢી માટે પૃથ્વી ઉપર નિરામય પરિવેશનું નિર્માણ માનવ સમાજે સર્જવું જ રહ્યું. વૃક્ષો એ તો જગતને શુદ્ધ પ્રાણવાયુ આપે છે. તરૂએની ઊર્જાથી શાંતિ અને શીતળતા પ્રદાન કરે છે. વરસાદને ધરતી પર લઈ આવવા માટે તે આમંત્રણ આપે છે. એવા વૃક્ષોની સંખ્યા અગણિત થતી રહે એવા પ્રયાસો કરવાના દિવસો આવી ગયા છે.

પ્રખ્યાત અભિનેતા આર્જવ ત્રિવેદી અને ગ્રીન ડ્રીમ દ્વારા ૫ જૂન ૫૦૦૦ વૃક્ષારોપણના સંકલ્પમાં જોડાવા માટેનો પત્ર યુનિવર્સિટીને પાઠવેલ, જે યુનિવર્સિટીએ ઉત્સાહભેર વધાવી લઈ આ સંકલ્પને પૂરો કરવા યુનિવર્સિટીએ વિવિધ અભ્યાસકેન્દ્રો અને વિદ્યાર્થીઓ સુધી પોતાના ઘરના પરિસર કે આંગણમાં વૃક્ષારોપણ કરવાની પહેલ કરી.

આ ઉપક્રમે યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય, નિયામકશ્રી (SS) ડૉ. આવાબહેન શુક્લા, અભિનેતા આર્જવ ત્રિવેદી અને ગ્રીન ડ્રીમ્સની ટીમ, નિયામકશ્રીઓ, અધ્યાપકગણ અને પરિવારજનો સાથે યુનિવર્સિટી કેમ્પસમાં વૃક્ષારોપણ કરી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી. ઉપરોક્ત કાર્યક્રમનું સફળ આયોજન માનનીય કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાય અને ડૉ. આવાબહેન શુક્લાના માર્ગદર્શન હેઠળ Extension Activity દ્વારા કરવામાં આવ્યું.







## વેબિનાર

## વર્તમાન સમયમાં મુક્ત અને દૂરવર્તી  શિક્ષણની પ્રાસંગિકતા અને મહત્ત્વ

૦૬/૦૬/ ૨૦૨૦ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા વર્તમાન સમયમાં મુક્ત અને દૂરવર્તી  શિક્ષણની પ્રાસંગિકતા અને મહત્ત્વ વિષયના એક વેબિનારનું આયોજન કરાયું. માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયના નેતૃત્ત્વમાં આ વેબિનાર સફળ થયો હતો. જાણીતા વક્તાઓ, માનનીય કુલપતિશ્રી, મધ્યપ્રદેશ ભોજ ઓપન યુનિવર્સિટી, ડૉ. જયંત સોનવાલકર અને માનનીય કુલપતિશ્રી, ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય ઓપન યુનિવર્સિટી, પ્રો. નાગેશ્વર રાવ હાજર રહ્યા હતા. બંને વક્તાઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, બ્લેન્ડેડ-લર્નિંગ અને ટેક્નોલોજિકલ એડવાન્સિસમાં એક મજબૂત ઓપન અને ડિસ્ટન્સ લર્નિંગ સિસ્ટમ બનાવવાની ક્ષમતા છે. પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયે જણાવ્યું હતું કે શિક્ષણ પદ્ધતિ 'ગતિશીલતા' જે વિદ્યાર્થીઓની જરૂરિયાતોને કેન્દ્રિત કરે છે તે સમયની જરૂરિયાત છે. આગળ, શિક્ષણમાં ગુણવત્તા જાળવણી વિશે ચર્ચા થઈ હતી.  વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પરથી વિશાળ સંખ્યામાં પ્રોફેસરો, વિદ્વાનો તથા વિદ્યાર્થીઓ જોડાયા હતાં. વેબિનારનું સંચાલન ડૉ. જૈની શાહ, આસીસ્ટન્ટ પ્રોફેસર - અંગ્રેજી, બી.એ.ઓ.યુ. દ્વારા કરવામાં આવ્યું હતું.




# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા
# વિશ્વ યોગ દિવસની ઊજવણી

કોવિડ-૧૯ના લીધે સરકારના પરિપત્રનું પાલન એટલે ઘરમાં રહો, સુરક્ષિત રહો અને માસ્ક પહેરીને બહાર નીકળો, સાવચેતી એ જ આ મહામારીના સંક્રમણથી બચવાનો એક ઉપાય છે અને બીજો અસરકારક ઈલાજ એટલે યોગ. ભારત સરકારના આયુષ્ય મંત્રાલય દ્વારા છઠ્ઠા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૧ જૂને **Yoga At Home** ની થી આચરણમાં મૂકવાની હતી. આ આનંદમય દિવસ ઉત્સાહથી ઉજવાયો.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રીના યોગ તરફના અનુરાગથી સૌ વાકેફ હોવાથી બધા કર્મચારીઓએ **Yoga At Home** થીમના અમલીકરણમાં ઉત્સાહ દાખવી 'મારું મનપસંદ આસન' અંતર્ગત પરિવાર સાથે યોગ કરી તેનો બે મિનિટનો વિડીયો બનાવી યુનિવર્સિટીના ફેસબુક પેજ **@BAOUGujarat** પર ટેગ કરવામાં આવ્યા હતા. યોગ દિવસ નિમિત્તે યુનિવર્સિટીએ યોગના માર્ગદર્શન માટે આર્યુવેદાચાર્ય અને યોગાચાર્ય ડૉ. વિક્રમભાઈ ઉપાધ્યાયને આમંત્રિત કર્યા, તેમણે વર્ચુઅલ યોગાસન કરી **BAOU**ના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને ઉચિત રાહ ચીંધ્યો હતો.

આ પ્રસંગે ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રીએ વર્ચુઅલ મેસેજ દ્વારા યોગનો મહિમા કરતા કહ્યું હતું કેઃ 'યોગ એ આપણી ભારતીય સંસ્કૃતિની ધરોહર છે. યોગ દ્વારા ભારત આજના કોરાના મહામારીના સમયમાં વિશ્વને માનસિક અને શારિરીક રીતે નિરોગી રહેવાની રીત શીખવી રહ્યું છે. ભારત સમગ્ર વિશ્વના સ્વાસ્થ્ય માટે યોગની પદ્ધતિ આપી છે. પ્રાચીન સમયથી યજ્ઞાર્થે ભારત વિશ્વને કુટુંબ સમજી તેનો સ્વીકાર કરે છે. આપણી સંસ્કૃતિએ કુદરતી ચિકિત્સા દ્વારા રોગને આપણા સુધી આવતા અટકાવવા વિશ્વને અનેક માર્ગ આપ્યા છે. યોગ, પ્રાણાયામ આપણા તન-મનને શાતા આપે છે. યોગ દ્વારા દરેક માણસ સાક્ષીભાવ કેળવી શકે છે. સાદું, સુઘડ અને ઊર્જાવાળી જીવનશૈલી આત્મસાત કરી જીવી શકે છે. યોગને જીવનનો ભાગ બનાવવાથી જીવનમાં આનંદનો પાર્દુભાવ થાય છે'.

યોગ એટલે આરોગ્યની ચાવી, પ્રાણાયામ એટલે ભીતરના તેજ તરફ ગતિ. અશાંત જીવનમાં શાંતિનો જન્મ યોગાભ્યાસ નિયમિત કરવાથી થાય છે. જિંદગી તરફનો ઉત્સાહ આપવાની જડીબુટ્ટી યોગ આપે છે. સમગ્ર બી.એ.ઓ.યુ. પરિવાર યોગ તરફ વળી નિરામય જીવનની મંગલ પ્રાર્થના કરે છે.



## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ દ્વારા પાંચમાં **E-Convocation**નું આયોજન




ડૉ. બાબાસાહેબ ઓપન યુનિવર્સિટી અમદાવાદએ કોવિડ-૧૯ના મહામારીના સમયમાં સરકારી પરિપત્રોમાં દર્શાવેલ નિયમોનું પાલન કરતા, કોરાના સંક્રમણના કપરા સમયનો સદ્ઉપયોગ, સોશિયલ ડિસ્ટન્ટ જાળવી કેમ કરવો એનું ઉદાહરણ સમાજને પૂરું પાડયું. ડિઝિટલ પ્લેટફોર્મના માધ્યમથી **BAOU**ના વિદ્યાર્થીઓને માટે પાંચમા પદવી-દાન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. તા.૨૫-૬-૨૦૨૦ સમયઃ ૪:૩૦ કલાકે યુનિવર્સિટીએ પોતાની આગવી પરંપરામાં રીતે ગણમાન્ય અતિથિ વિશેષોના આશીર્વાદથી વિધિવત ડિગ્રી પ્રદાન કરવાનો ઉપક્રમ સફળતાપૂર્વક યોજાયો.

ડિઝિટલ ઉપકરણના ઉચિત વિનિયોગથી મહાનુભાવો અને વિદ્યાર્થીઓનો સેતુ સર્જાયો અને નક્કી કરેલા સમયે યુનિવર્સિટીના ગીતથી કાર્યક્રમનો મંગલમય આરંભ થયો. એ પછી કુલપતિશ્રી ડૉ.અમીબહેન ઉપાધ્યાયએ માનવંતા મહેમાનોનું શુકનવંતા શબ્દોથી સ્વાગત કર્યું, આ અવસરે સાથે જોડાયેલા માનનીય કિત-વિશેષોમાં ગુજરાત રાજયના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજયકક્ષાના શિક્ષણમંત્રીશ્રી વિભાવરીબહેન દવે, શિક્ષણ વિભાગના અગ્રસચિવ અંજુબહેન શર્માજી, સેક્રેટરી જનરલ એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીઝ - દિલ્હી ઓનલાઈન હાજર હતા. આ પ્રસંગે ગુજરાત રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈએ વિડીયો સંદેશ દ્વારા પોતાનો આનંદ પ્રગટ કર્યો હતો. મંગલમય અવસરના આરંભમાં - સ્વાગતીય ઉદ્બોધનમાં કુલપતિજી અમીબહેને ભૂમિકા રચતા કહ્યું કે, વિશ્વ આજે અનેક સંકટોમાંથી પસાર થતું જોવા મળે છે એવા સંજોગામાં પણ અમારી યુનિવર્સિટીની ટીમ કાર્યરત છે અમારા વિદ્યાર્થીઓ અમારા માટે ખૂબ કિંમતી પૂંજી છે. લોકડાઉનના સમયમાં યુનિવર્સિટીએ ૧૫ શૈક્ષણિક વેબિનાર યોજી પરિસ્થિતિ પ્રમાણે પરિવર્તન કરવામાં આગે કદમ બઢાવેલ. રમતોત્સવ તેજ-તૃષાનું આયોજન ભારતની ઓપન યુનિવર્સિટીમાં પ્રથમ અમારી ટીમે કયું. દૂરવર્તી શિક્ષણ દ્વારા પણ જરૂરીયાતમંદ છાત્રોમાં અધ્યયનની લલક જગાવવા અમે પ્રતિબદ્ધ છીએ. બી.એ.ઓ.યુ. દૂરવર્તી કેન્દ્રના છાત્રોને અદ્યતન સુવિધાઓ દ્વારા સેતુ રચી એમને પડતી તકલીફોનું સમાધાન કરવા, એમના માર્ગદર્શન માટે સજાગ રહે છે. નૂતન વિચારધારાનું શિક્ષણના આ જયોતિર્મય પરિસરમાં સ્વાગત છે.

માનનીય કુલપતિશ્રીના પ્રાસંગિક ઉદ્‌બોધન પછી યુનિવર્સિટીની સ્કૂલના નિયામકશ્રીઓએ માનનીય મહામહિમશ્રી આચાર્ય દેવવ્રતજી પાસે છાત્રોને પદવી એનાયત કરવાની અનુમતિ માગી જેનો સહર્ષ સ્વીકાર થતાં, યુનિવર્સિટીમાં જે વિદ્યાર્થીઓ સુવર્ણચંદ્રક અને સિલ્વર મેડમ પ્રાપ્ત કર્યા હોય એમને પદવી એનાયત કરવામાં આવી.

પદવીદાન સમારોહમાં અતિથિ વિશેષ મહેમાન તરીકે જોડાયેલા માનનીય ડૉ.પંકજ મિતલજીએ આ પ્રસંગે પોતાના વિચારો રજૂ કરતા જણાવ્યું કહ્યું કે, BAOU ના E-Convocation ની ભવ્યતા માટે કુલપતિશ્રી અમીબહેનને અભિનંદન આપું છું. યુનિવર્સિટી શિક્ષણની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો, સ્પોટ્‌સ ઈવેન્ટનું કામ પણ ભારતની ઓપન યુનિવર્સિટીઓમાં પ્રથમ જ કરી રહી છે, એની નોંધ શિક્ષણ જગત ચોકકસ લેશે. પદવી લેતા છાત્રો આજથી પદવી પ્રાપ્ત કરીને નવા જીવનનો આરંભ કરે ત્યારે કદી પણ પોતાના વિશ્વ વિદ્યાલયને અને માતૃભૂમિને વિસ્મૃત ના કરે. કોઇ પણ યુનિવર્સિટીએ આજના સમયમાં વિકસિત થવું હોય તો કેટલીક બાબતોની કાળજી રાખવી જોઇએ જેવી કે; ઈન્ફ્રાસ્ટ્રકચર, સોશ્યલ-ડિસ્ટન્ટ, ઓનલાઈન રીસોર્સીસ, ઇન્ટરશીપ, પ્લેસમેન્ટ, કોલોબ્રેશન, પોઝિટિવ સોચ રાખતા પ્રોફેસર અને વિદ્યાર્થીઓને ઉચિત માર્ગદર્શન આપી પેઝિટિવ બનાવવા તરફનું વલણ રાખવું.

આ પ્રસંગે ઓનલાઈન ઉપસ્થિત રહેલા ગુજરાત રાજય શિક્ષણ વિભાગના અગ્રસચિવશ્રી અંજુબહેન શર્માજીએ પોતાની ખુશી જાહેર કરતા  કહ્યું કે, BAOU એ ડિસ્ટન્ટ એજયુકેશનના વિચારને સમજીને E-Convocation દ્વારા પોતાના વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવાની પરંપરા શરૂ કરી એ ખરેખર યુનિવર્સિટીના વિચારને પોષક છે. દર વર્ષે આ રીતે જ પદવીદાન સમારોહ યોજવો જોઇએ. ગુજરાત રાજયની યુનિવર્સિટીઓમાં પ્રથમ એવી યુનિવર્સિટી છે જેમાં ઓનલાઇન શિક્ષણનું આખું અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રકચર કાળજી રાખી તૈયાર કરવામાં આવેલ છે. આપણા પ્રધાનમંત્રી મોદીજી કહે છે, 'દરેક આપત્તિમાં એક હકારાત્મક તક જોવી જોઇએ' એ વિચારને યુનિવર્સિટીએ અમલમાં મૂકી આપેલ છે. આજે પદવી લેતા છાત્રો જીવનને ઉમદા હેતુ સાથે જીવે  એવી બધાને શુભેચ્છાઓ.

આ અવસરે પોતાનો રાજીપો પ્રગટ કરતા ગુજરાત સરકારના મંત્રીશ્રી વિભાવરીબહેન દવેએ પોતાના વિચારો પ્રગટ કરતા વિદ્યાર્થીઓને કહ્યું કે, કોવિડ-૧૯ લોકડાઉનમાં પણ વર્ક ફ્રોમ હોમનો અમલ કરી યુનિવર્સિટી કાર્યરત હતી, શિક્ષણ કોઈ પણ સ્થિતિમાં આપી શકાય એ વિચારનો અમલ ગમતો છે. BAOU દ્વારા સૌથી વધારે લાભ સ્ત્રીઓને છે. મહિલાઓને વ્યવસાયિક ધોરણે તૈયાર કરવામાં અહીંના અભ્યાસક્રમો પ્રથમ આવે છે. નારીસશકિતકરણનું ઉત્તમ કામ થતું દેખાય છે. ઘરબેઠા શિક્ષણ આપવાની સુવ્યવસ્થા ગોઠવી દરેક તાલુકા, જિલ્લાઓમાં અભ્યાસ કેન્દ્રો ખોલી યુનિવર્સિટી શિક્ષણનું સરસ કાર્ય કરી રહી છે. બધા જ છાત્રોનું જીવન સુખમય બની રહે એવી શુભેછાઓ.

BAOUના E-Convocationમાં ઉત્સાહથી ઉપસ્થિત શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાજીએ પોતાના પ્રેરક વકતવ્યમાં કહ્યું કે, આપણને કોવિડ-૧૯એ ઘણું નવું શીખવ્યું. એમાં આ E-Convocationનું આયોજન પણ આવે છે. લોકડાઉનના સમયનો સદ્‌ઉપયોગ કરી ઓપન યુનિવર્સિટીએ ઘણા વેબિનાર યોજી છાત્રો સાથે સેતુ રચી દીધો છે. ગુજરાતમાં બધા છાત્રો શિક્ષણ મેળવે એ માટે યુનિવર્સિટીએ ઓપન સ્કૂલોની વ્યવસ્થા કરી છે. BAOUમાં સૌનો સ્વીકાર છે, અહીં ટ્રાન્સજેન્ડર, HIV પોઝિટિવ મહિલાઓ, કિન્નરો માટે પણ સ્પેશિયલ લર્નર સેન્ટરોની સુવિધા ઊભી કરવામાં આવી છે. શહીદોની વિધવાઓ માટે અહીં શિક્ષણ ફી ભરવામાંથી મુકિત આપવામાં આવી છે એ વિચારના અમલ માટે કુલપતિ અમીબહેનને અભિનંદન. વિદ્યાર્થીઓ માટે ઓનડિમાન્ડ એકઝામનું વર્ષમાં ચાર વખત આયોજન થાય છે. આજે ચંદ્રકો મેળવતા, પદવી લેતા બધા છાત્રો જીવનમાં ખૂબ સફળ રહી સમાજને ઉપયોગી બને એ જ શુભેચ્છા.

માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીજીએ વાત કરી કે, વિશ્વવ્યાપી કોવિડ-૧૯ની મહામારીના સમયમાં પણ આફતને અવસરમાં બદલવાનું ખમીર રાખતા ગુજરાતીઓને અભિનંદન. કોવિડ-૧૯ની મહામારીમાં પણ વિદ્યાર્થીલક્ષી, શિક્ષણનું કામ કેવી રીતે થઈ શકે એ આપણી આ BAOU એ ઉદાહરણ આપી પ્રેરક બની છે. કોરાનાએ આપણને ફિઝિકલી નહીં ડિઝિટલી મળીને પદવી પ્રાપ્ત કરવાનો વિચાર આપ્યો તેનો અમલ આપણી આ ઓપન યુનિવર્સિટી સાકાર કરી રહી છે. કોરાના સામે લડત આપવાની આ રીત એટલે BAOUના E-Convocationનું આયોજન. આ માટે અમીબહેન અને સમગ્ર ટીમને અભિનંદન આપું છું. મુકત વિશ્વવિદ્યાલયના સૂત્રઃ સ્થળ અને સમયના બંધનોથી મુકત શિક્ષણની જયોત આજે આખાયે ગુજરાતમાં પ્રસરી ગઈ છે એ અમારા માટે આપ સૌ માટે ગૌરવની બાબત છે. ઓપન યુનિવર્સિટીઓના કોન્વોકેશન ઓનલાઈન હોય તો છેવાડાના ગામડાના વિદ્યાર્થીઓ પણ પદવીદાન સમારોહમાં સામેલ થઈ બધું નિહાળી શકે છે. ડૉ. બાબાસાહેબ ઓપન યુનિવર્સિટીમાં આજે ડિઝિટલ ઉપકરણોનો ઉચિત વિનિયોગ થઈ રહેલો અનુભવાય છે. કોવિડ મહામારીને કારણે આવેલ લોકડાઉનમાં પણ યુનિવર્સિટીએ શિક્ષણના વિચારને પ્રજવલિત રાખી સુંદર કામગીરી કરી છે. પાંચમાં પદવીદાન અવસરે જે વિદ્યાર્થીઓ આજે ડિગ્રી મેળવે છે એ સોનું જીવન સફળ થાય, એમની શકિતઓનો સહયોગ સમાજના ઉત્કર્ષ અને લોકકલ્યાણના કાર્યોમાં આપે એ જ આર્શીવાદ.

તો, માનનીય રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, પદવીદાન સમારોહનો પ્રસન્નતાપૂર્વકનો પ્રારંભ થયો, દીક્ષાંત સમારોહ ઓનલાઈન હોવા છતાં પદવી પ્રાપ્ત છાત્રોના આનંદને અનુભવી શકાય છે. ડિગ્રી મેળવતા છાત્રોને ખૂબ અભિનંદન. ગુજરાત રાજય એક આદર્શ રાજય છે. વિધિવત શિક્ષણ પ્રાપ્ત નહીં કરનાર માણસ પણ ઓપન યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવી શિક્ષણ મેળવી શકે એવી સારી સગવડો ઊભી કરવામાં આવી છે. વિવિધ પરિસ્થિતિઓનો સામનો કરતા જે છાત્રો સુવર્ણ અને સિલ્વર ચંદ્રક મેળવે એ બધાને અભિનંદન. સુવિદ્યા હોય તો બધા ભણી શકે પણ ગુજરાતની બહેનો ઘરકામ, ખેતીકામ, નોકરી કરતા પણ ઓપન યુનિવર્સિટીમાં એડમિશન લઈ, શિક્ષણ મેળવતી રહે એ બધાને સાધુવાદ. પદવીધારીઓ ક્રિયાશીલ, સંઘર્ષશીલ, કર્મયોગી છે તેથી આપ સૌ આપણા રાષ્ટ્રના વિકાસ માટે સહયોગ આપી શકો છો. કોરોનાકાળમાં જિંદગી બદલાઈ ગઈ છે એનું ઉદાહરણ એટલે આ E-Convocation પરિસ્થિતિ અનુસાર પરિવર્તન કરવાનું વલણ BAOU ની સફળતાના પગથિયા બની શકે છે. કોરોનાએ ઓપન યુનિવર્સિટીના શિક્ષણને પ્રભાવિત નથી કર્યું બલકે મુકત વિશ્વ વિદ્યાલયના વિચારને બળ આપ્યું છે.

કોરાનાકાળમાં ગુજરાતમાં શિક્ષણ અદ્યતન ટેકનોલોજીના સહયોગથી આપવાનું ગતિમાં છે. પદવીધારીઓ રાષ્ટ્રીય જવાબદારીઓ પણ રાખે, ઉપયોગી બની રહે. આપણે આત્મનિર્ભર ભારત બનાવવા તરફ નિષ્ઠાપૂર્વક આપણી શકિતઓનો ઉપયોગ કરવો જ પડશે. નારી સન્માનની ભાવના સમાજમાં બળવત્તર બનતી જાય, 'બેટી બચાવો, બેટી પઢાઓ અભિયાન'ને આપણે સાચું પાડવાની દિશામાં આગળ વધવાનું છે. પદવી પ્રાપ્ત કરી માત્ર રોજગારી જ મેળવવાની નથી સારા નાગરિક પણ બનવાનું છે. વરસાદનો સમય છે વૃક્ષારોપણ કરીએ, સ્વછતા અભિયાન સાકાર કરીએ તો પરિવેશ તંદુરસ્ત બનશે. પ્રાકૃતિક આહારનો ઉપયોગ કરો જેથી રોગ પ્રતિકારક શકિત વધશે પરિણામે કોરાનાના સંક્રમણનો ભય દૂર થશે. યુવાધન-વિદ્યાર્થીઓ માતાપિતા, વડીલો તરફ આદરનો ભાવ રાખી જીવે તો જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ મળી શકે છે. આજના ઓનલાઈન પદવીદાન સમારોહનું સફળ આયોજન થયું એ માટે બધાને અભિનંદન.

પદવીદાન સમારોહના અંતમાં કાર્યકારી કુલસચિવશ્રી ડૉ. ભાવિનભાઈ ત્રિવેદીએ આભાર દર્શન કર્યું હતું. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો પાંચમો પદવીદાન સમારોહ પોઝિટિવ- હકારાત્મક જિંદગી જીવવાના ભાવ સાથે સપન્ન થયો હતો.

BAOU Education for All

Dr. Babasaheb Ambedkar
# Open University
(Established by Government of Gujarat)

eConvocation

FIFTH ANNUAL eConvocation 2020



# ADMISSION OPEN

BAOU
Education for All

## Dr. Babasaheb Ambedkar Open University

(Established by Government of Gujarat)

25
Since 1994

## Programmes Offered

### Master Programmes

- Master of Arts In English (MEG)
- Master of Arts In Hindi (MHD)
- Master of Arts In Sociology (MSO)
- Master of Arts In Gujarati (MGT)
- Master of Library Science (MLIS)

### Bachelor Programme

- Bachelor of Arts (B.A.)
- Bachelor of Commerce (B. Com.)
- Bachelor of Education (B.Ed.)
- Bachelor in Library and Information Science (BLIS)
- Special B.Ed

### Post Graduate Diploma

- Post Graduate Diploma in Distance Education
- Post Graduate Diploma in Mobile Application Development

**Certificate and Diploma Programmes**

## Vocational Professional

### Bachelor Programme

- Bachelor in Business Administration (BBA)
- Bachelor in Business Administration (Hotel and Tourism Management)
- Bachelor in Computer Application (BCA)
- Bachelor in Business Administration (Air Travel Management)

### Diploma Programme

- Diploma in Business Administration (DBA)
- Diploma in Computer Application (DCA)

### Post Graduate Diploma

- Post Graduate Diploma in Business Administration (PGDBA)
- Post Graduate Diploma in Marketing (PGDM)
- Post Graduate Diploma in Computer Application (PGDCA)
- Post Graduate Diploma in Finance (PGDF)
- Post Graduate Diploma in Human Resource (PGDHR)


### Master Programmes

- Master of Social Work

**Address : 'Jyotirmay' Parisar, Dr. BAOU Marg, Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad - 382 481. Web: www.baou.edu.in Email: info@baou.edu.in**

# PHOTO GALLERY













# PHOTO GALLERY









# વર્તમાનપત્રોમાં યુનિવર્સિટી



## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા આંબેડકર જયંતી નિમિત્તે નેશનલ વેબિનાર યોજાયો

### સમાજ સુધારક અને ધૈર્યવાન વ્યક્તિત્વ સહિતના વિષયો ઉપર શિક્ષણવિદો દ્વારા વિચાર વિમર્શ કરવામાં આવ્યો

### સિવિલ હોસ્પિટલમાં સારા થયેલા ૧૪૩ દર્દીઓને એમ્બ્યુલન્સ સહિત ખાનગી વાહનોમાં ઘરે પહોંચાડાયા



## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં નારીઊર્જાને ઉજાગર કરતી નારી સપ્તક વેબિનાર શ્રેણીનું આયોજન થયું



## નારી સપ્તક વેબિનારમાં અમી ઉપાધ્યાયે કહ્યું
# નારી શક્તિ ઓળખવી જોઇએ

**WEBINAR**

સિટી રિપોર્ટર . અમદાવાદ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં હમણાં જ નારીઊર્જાને ઉજાગર કરતી નારી સપ્તક વેબિનાર શ્રેણીનું આયોજન થયું. આ શ્રેણીનું ઉદ્ઘાટન ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી, શિક્ષણમંત્રી ભૂપેન્દ્ર ચુડાસમા, રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી શ્રીમતી વિભાવરી દવે અને શિક્ષણ અગ્રસચિવ અંજુ શર્માની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.

આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયે કહ્યું કે, આપણે નારીના સામર્થ્યને સમજીએ, નારીની ગરિમાની જાળવણી કરીએ, ભારતીય સંસ્કૃતિમાં નારીના મહત્વનો આદર કરીએ અને સફળ નારીની સંઘર્ષગાથાના સાક્ષી બની સમાજ, દેશ અને દુનિયાને તેની ક્ષમતાઓનો પરિચય કરાવીએ. દેશભરમાં જાણીતા બનેલા રામાયણ સીરીયલના અભિનેત્રી દીપિકા ચિખલિયાએ પોતાના અભિનય જગત અને રાજકારણના અનુભવો વિશે જણાવ્યું.



## ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિએ વેબિનાર યોજાયો

- ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી દ્વારા આયોજિત વેબિનારનું ઉદ્ઘાટન શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કર્યું



## ડૉ. બાબાસાહેબ ઓપન યુનિવસેટી, અમદાવાદ દ્વારા સાહિત્ય તથા ચલચિત્ર: શિક્ષણના સ્ત્રોત અંતર્ગત વેબિનારનું આયોજન



**CELEBRATION – DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY CELEBRATES WORLD ENVIRONMENT DAY**

Dr. Babasaheb Ambedkar Open University celebrated World Environment Day, by maintaining social distancing norms. University enthusiastically accepted the official invitation from a well-known actor Aarjav Trivedi and 'The Green Dreams' Team of planting 5000+ green saplings. Study Centres and students across Gujarat were inspired to participate in 'tree plantation' activity. To fulfill this initiative, Hon'ble Vice Chancellor, Prof. Dr. Ami Upadhyay; Director Student Support, Dr. Awa Shukla; actor Aarjav Trivedi and team of The Green Dreams; Directors, Professors, and the entire team of University participated in tree plantation at the campus. This event was successfully organized in the guidance of Hon'ble Vice Chancellor, Prof. Dr. Ami Upadhyay and Dr. Awa Shukla under Extension Activity Cell of the University.

# વર્તમાનપત્રોમાં યુનિવર્સિટી



**EVENT — DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY ORGANIZES NATIONAL WEBINAR ON 129[th] BIRTH ANNIVERSARY OF DR. BABASAHEB AMBEDKAR**

r. Babasaheb Ambedkar Open University organized 'Webinar' - a Virtual Na onal Conference on 'Bharat Ratna Dr. Babasaheb Ambedkarji's life – Thoughts nd Social Harmony recently. Education Minister of Gujarat, Bhupendrasinh hudasama inaugurated the webinar. The Webinar was organised by the Vice hancellor, Prof. Dr. Ami Upadhyayji. An expert panel of speakers, namely lember of Rajyasabha, Dr. Narendra Jadhav; senior educationalist, Prof niruddh Deshpande; eminent columnist and speaker, Kishor Makwana; share eir valuable thoughts on the subject. The webinar witnessed an enthusiastic ponse with an online and active participation of as many as 21000 viewers 100 registrations of speakers, subject-experts, researchers, students, and rep sentative from across the nation. Amidst the challenges, this webinar proved to e a fitting tribute to a propagator of humanity – Dr. Babasaheb Ambedkarji.

**SEVEN WOMEN OF METTLE – WOMEN'S HEPTASTICH LECTURE SERIES**

Dr. Babasaheb Ambedkar Open University realized an opportunity of reaching th students and stakeholders in the times of Coronavirus Global Pandemic; throug technological optimization, i.e. webinars. Hon'ble Vice Chancellor of the Univer sity, Prof. Dr. Ami Upadhyay's brain-child, a "Women's Heptastich Lecture Series was organized recently. This series was inaugurated by Hon'ble Chief Minister o Gujarat, Shri Vijaybhai Rupani; Hon'ble Education Minister, Shri Bhupendrasinh Chudasama; Hon'ble Minister of State for Education, Women and Welfare, Smt Vibhavariben Dave; Hon'ble Principal Secretary, Higher and Technical Education IAS. Smt. Anju Sharma; who motivated women to 'carve their own identity'. This series was organized under the auspices of University's Women's Developmen Cell's, Chairperson, Dr. Awa Shukla; who also moderated the sessions.

**ન્યૂઝ ફોકસ**

## આંબેડકર યુનિ. દ્વારા કોવિડ સામે રક્ષણાત્મક પગલાં



Covid-૧૯ના રોગચાળાની ગંભીરતાને ધ્યાને લઈ આયુષ મંત્રાલય દ્વારા 'આયુષ સંજીવની' નામની એક મોબાઈલ એપ્લિકેશન શરૂ કરેલ છે. ઘટ્ટના પત્રનાં અનુસંધાને આંબેડકર યુનિવર્સિટીએ પોતાના વિવિધ અભ્યાસકેન્દ્રો, વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટી પરિવારજનોને 'આયુષ સંજીવની' એપ્લિકેશનમાં ઉતરદાતા તરીકે જોડવામાં માટેની પહેલ કરી. તારીખ ૧૬-૬-૨૦૨૦ના રોજ સોશિયલ ડિસ્ટન્સિંગને ધ્યાને રાખી યુનિવર્સિટીના દરેક પરિવારજનોએ પોતાના વિભાગમાં જ, સાથે સાથે વિવિધ અભ્યાસકેન્દ્રો દ્વારા એપ્લિકેશન ડાઉનલોડ કરી ઉતરદાતા તરીકે પોતાની ભાગીદારી નોંધાવી. સમગ્ર કાર્યક્રમ કુલપતિ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય અને નિયામક (ss)ના માર્ગદર્શનથી એક્સ્ટેન્સન એક્ટિવિટી સેલ દ્વારા કરવામાં આવ્યો.

## હવે ડો. આંબેડકર યુનિ.ના CCC સર્ટિ માન્ય : GAD

Yuva Upnishad G.A. 21.01.2020 । ગાંધીનગર ।

રાજ્યના સામાન્ય વહિવટ વિભાગ- GADએ સરકારી કર્મચારી અધિકારીઓના અજમાયશી સમયગાળો પૂર્ણ ગણવા, બઢતી- ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા માટે ડો. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી હસ્તકના સરકાર માન્ય કેન્દ્રો પરથી કોમ્પ્યુટર કૌશલ્ય સંબંધિત CCC, CCC + સહિતની પરીક્ષાના પ્રમાણપત્રો માન્ય ગણવાનું નક્કી કર્યું છે. અગાઉ ડો.આંબેડકર યુનિવર્સિટીના સર્ટિફિકેટ મુદ્દે વિવાદ સર્જાતા સરકારે શિક્ષણ વિભાગના તજજ્ઞોની કમિટીની રચના કરીને રિપોર્ટ તૈયાર કરાવ્યો હતો. ગતવર્ષે ઓક્ટોમ્બરમાં સમિતિએ રિપોર્ટ આપ્યા બાદ હવે GADએ ઠરાવ કરીને આ સ્પષ્ટતા કરી છે.

ગુજરાત સમય

Celebrating Intern

## સફળ અને કર્મઠ મહિલા કુલપતિ ડૉ. અમી ઉપાધ્યાય



ડૉ. અમી ઉપાધ્યાય

BAOU Education for All

## સંસ્કૃત ગ્રીક કરતાં સમૃદ્ધ અને પવિત્ર

## સંસ્કૃતભારતી ગુજરાતપ્રાંતનું પ્રથમ ઑનલાઇન મહિલાકાર્યકર્ત્રીસંમેલન

### જીવનમૂલ્ય, સંસ્કૃતિના સંબંધ પર ચર્ચા થઇ

વડોદરા તા.૧૯

સંસ્કૃતભારતી, ગુજરાતપ્રાંતનું પ્રથમ મહિલાકાર્યકર્ત્રી સંમેલન ઑનલાઇન યોજાયું હતું.જેમાં સંસ્કૃતભારતીના અખિલ ભારતીય સંપર્ક પ્રમુખ ડૉ.નંદકુમાર તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીનાં કુલપતિ પ્રો. ડૉ.અમીબેન ઉપાધ્યાયે ઉદ્બોધન કર્યા હતા. ડૉ.નંદકુમારે મૂલ્યવાન શું ? એવો પ્રશ્ન કરતી વાર્તા દ્વારા જીવનમૂલ્ય, માતાનું પરિવારના સંસ્કારસિંચનમાં યોગદાન, ભાષા અને સંસ્કૃતિનો સંબંધ તેમજ સંસ્કૃતિના વહનમાં ભાષાની ભૂમિકા અંગે તાત્ત્વિક સમજ આપી હતી. જ્યારે

ડૉ.અમીબેને અંગ્રેજીનાં અધ્યાપિકા હોવા છતાં સંસ્કૃત 'સાહિત્યનો એમનો પ્રેમ અને અભ્યાસ સાથે




સ્ત્રીઓમાં રહેલી શક્તિ અને સંભાવનાઓ સમજી એને ઉજાગર કરવાની ભાવના વ્યક્ત કરી તેમણે અદ્વૈતવાદ અને વિશિષ્ટાદ્વૈતવાદનો આધુનિક સંદર્ભ સમજાવી સમગ્ર વિશ્વ સ્ત્રીઓની અદ્વૈતશક્તિનું દ્રશ્યમાન સ્વરુપ છે એ સિદ્ધ કર્યું હતું. ડૉ.શ્રુતિ ત્રિવેદીએ સંસ્કૃતભારતીના વિવિધ કાર્યક્રમો તેમજ શિબિરોમાં બહેનોના પ્રશિક્ષણ અને યોગદાનનું વાર્ષિકવૃત્ત રજૂ કર્યું હતું.

